# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email pro@ayurveduniversity.com


અખબારી યાદી નં. ૦૮

વિષય :- ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર દ્વારા સાંદિપની સંકુલ પોરબંદર ખાતે દંતવિદ્યા - જાલંદરબંધથી દંતોત્પાટન અંગેની ટ્રેનિંગ શિબિર યોજાઈ.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિશ્વની એક માત્ર જૂનામાં જૂની આયુર્વેદ યુનિવર્સિટીનું સ્થાન ધરાવે છે. આ યુનિવર્સિટી અંતર્ગત ગુજરાતની તમામ 32 જેટલી આયુર્વેદ કોલેજોનું સંચાલન થાય છે. યુનિવર્સિટી તેના ઉચ્ચતમ સ્ટાન્ડર્ડ માટે દેશભરમાં ખ્યાતનામ છે. અનેક યુનિવર્સિટીઓ તેમજ વિદ્યાલયોમાં ઉપરાંત કેબિનેટ સેક્રેટરીથી નેશનલ યુનિવર્સિટીઓમાં ડાયરેક્ટર સુધીની પોસ્ટ આ યુનિવર્સિટીના પાસઆઉટ વિદ્યાર્થીઓ સંભાળે છે. આ યુનિવર્સિટી દ્વારા અદ્વિતીય કહેવાય એવો દંતોત્પાટનનો ટ્રેનિંગ કેમ્પ યોજાયો છે . જેમાં 32 જેટલી કોલેજોમાંથી 16 જેટલા પ્રતિનિધિઓએ આ હેન્ડ્સ ઓન ટ્રેનિંગ દ્વારા જાલંધર બંધ દ્વારા સડેલા તેમજ હલી ગયેલા દાંતને ગણતરીની સેકન્ડમાં આયુર્વેદિક પદ્ધતિ દ્વારા કેવી રીતે દૂર કરી શકાય તેનું જ્ઞાન મેળવ્યું છે.

દંત વૈદ્ય સરોજબેન જોશી, વૈદ્ય હરિન્દ્ર દવે તથા વૈદ્ય હર્ષદભાઈ દ્વારા આ કાર્યશાળા શાલાક્ય વિભાગ અંતર્ગત આયોજન પામી છે.

આજે પણ પ્લાસ્ટિક સર્જરીની ટેક્સ્ટ બૂકમાં સુશ્રુતસંહિતામાં જણાવેલ આંખ, કાન, ગળાની સર્જરીની નોંધ લેવાય છે. જેમાં રાઇનોપ્લાસ્ટી અને હોઠની સર્જરીનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. એવી જ રીતે દાંતના રોગો અંગે પણ ખૂબ જ વિશાળ છણાવટથી ઉલ્લેખાયેલ છે. 'ચલદંત'ની છણાવટમાં કોઇપણ કારણે સડેલા અને હલતા દાંતને સૌથી પહેલાં બચાવવા માટે પ્રયાસ કરવો જોઇએ. પણ પરુ થઇને સડી ગયેલા દાંતને તાત્કાલિક કાઢી નાખવા જોઇએ, એમ આયુર્વેદ કહે છે. આ દાંતને કાઢી નાખવા માટે આયુર્વેદમાં વર્ષો જુની પરંપરાગત 'જાલંધરબંધ' નામની વિશિષ્ટ યૌગિક ક્રિયાનો ઉલ્લેખ છે. આ ક્રિયામાં કોઈ પણ જાતના એનેસ્થેસિયા વિના ટ્રાઇજીમીનલ નામના જ્ઞાનતંતુને જાલંધરબંધની યૌગિક ક્રિયા દ્વારા બ્લૉક કરીને દાંતને ગણતરીની સેકન્ડમાં જ કાઢી લેવાય છે.

સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે યોજાનાર આ નવરાત્રિ ડેન્ટલ કેમ્પમાં અનેક લોકો સારવાર લેવા માટે આવી રહ્યા છે. ડાયાબિટીસનાં દર્દીઓ, હૃદયરોગનાં દર્દીઓ, લોહી પાતળું કરવા આવતાં દર્દીઓ તથા બ્લડપ્રેશરની દવા ખાતા દર્દીઓ ઉપરાંત, જેમને એનેસ્થેસિયા ના આપી શકાય તેવા તમામ દર્દીઓ માટે આ કેમ્પ સંજીવની સમાન બન્યો છે. આવા દર્દીઓને ગણતરીના સમયમાં જ દાંતની પીડાથી ઉગારી લેવાય છે. જાલંધરબંધ નામની આ સારવાર આવા તમામ દર્દીઓ માટે આશિર્વાદરૂપ છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ડૉ. મુકુલ પટેલે આ બાબતે માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'આયુર્વેદ અને યોગના સમન્વયથી દાંતના દર્દીનું નિદાન કરી, જે દાંત કાઢવાનો હોય, તેવા દાંતને કાઢવા માટે દર્દીને નવ ઇંચ ઊંચા બાજોઠ પર બેસાડવામાં આવે છે. તેમને સુખાસન કે પદ્માસનમાં જે રીતે સુખરુપ બેસી શકે તેમ બેસાડીને દંતવૈદ્ય તેમની પાછળ ઊભા રહી, દાંતને કાઢવાની પ્રક્રિયા કરે છે. દર્દી પોતાના ઢીંચણ પર પકડીને બેસે છએ. એના કારણે બન્ને તરફની ઈંડા અને પીંગળા નાડી પર પ્રેશર આવે છે. દંતવૈદ્ય પાછળ ઊભા રહીને દર્દીના સુષુમણા કાંડ એટલે કે સ્પાઇનલ કોડ પર પગ વડે પ્રેશર આપે છે. એક હાથમાં જરૂરી ફોરસેપ લઇને બીજા વડે દર્દીના માથામાં રહેલા બ્રહ્મરંધ્ર (ચોટીની જગ્યા) પર પ્રેશર આપીને દર્દીની હડપચી પકડીને માથું ઉપર નીચે હલાવે છે. કંઠનો સંકોચ થતાં આ તમામ પોઈન્ટનાં પ્રેશર દ્વારા પાંચમી નાડી (ફીફ્થ ક્રેનિયલ નર્વ) પર પ્રેશર આવે છે. માથું હલવાના કારણે મગજમાં રહેલા હાઇપોથેલેમસ ગ્રંથિમાં તરંગ ઉત્પન્ન થાય છે, જેથી જડબા સુન્ન થઈ જાય છે અને દાંત સરળતાથી કાઢી શકાય છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના શાલાક્ય વિભાગના શિક્ષકો આ ટ્રેનિંગ દ્વારા કુશળ થઇ ગુજરાતની તમામ કૉલેજોમાં આ પ્રક્રિયા દ્વારા ડેન્ટલ ઓ.પી.ડી શરૂ કરશએ અને બહોળા વર્ગને આનો લાભ મળશે.

હાલના સમયમાં સૌરાષ્ટ અને ગુજરાતમાં પાન મસાલા, માવા, તમાકું તેમજ ગુટકા જેવા પડીકાનું વ્યસન ગામેગામ ખૂબ વધ્યું છે. જેના કારણે ઘણાં લોકો મોંના કેન્સર તથા ફાઇબ્રોસીસનાં રોગગ્રસ્ત છે. આયુર્વેદિક સારવાર આવા દર્દો માટે અકસીર છે. ગુજરાતમાં આવેલ યુનિવર્સિટી અંતર્ગતની તમામ કોલેજમાં મુખગત રોગોની - શાલાક્ય વિભાગની ઓ.પી.ડીનીમાં આ સારવાર ઉપલબ્ધ છે. આ શાલાક્ય વિભાગની વિવિધ સારવાર, પંચકર્મ ક્રિયા કલ્પ દ્વારા ઘણાં અસાધ્ય રોગોમાં પણ આશ્ચર્યકારક પરિણામો મેળવી શકાય છે. ઘણાં વૈદ્ય આ ટેક્નિકથી ટ્રેઇન થતાં જ્ઞાનવૃદ્ધિનો લાભ તબીબશાળામાં ભણતાં વિદ્યાર્થીઓ સુધી પહોંચશે' એમ ડૉ. મુકુલ પટેલનું માનવું છે. જામનગર ખાતે આગામી દિવસોમાં વિવિધ બ્રાન્ચની સુપર સ્પેશ્યાલિટી ક્લિનિક વિકસાવવાના પ્રયત્નો પણ થનાર છે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨૦૨૪-૨૫/ 1119 ઈ-મેઈલ તા.૦૫-૧૦-૨૦૨૪

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારી યાદીને વિના મુલ્યે પ્રકાશિત કરવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

05/10/24

(પી.પી.મહેતા)

ઓ.એસ.ડી.

1. સર્વે પ્રેસ પ્રતિનિધિઓ તરફ ........ ઈ મેઈલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલ બંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે )
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ ....... ઈ-મેઈલ દ્વારા(આપના વિભાગના નોટીસ બોર્ડમાં મુકવાની વિનંતી સાથે)
4. ઓ.એસ.ડી.શ્રી, કુલપતિશ્રી કાર્યાલય (યુનિ. વેબસાઈટ ઉપર પ્રસારિત કરવાની સુચના સાથે)

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email pro@ayurveduniversity.com

અખબારી યાદી નં. ૦૯

Gujarat Ayurved University (GAU) in Jamnagar conducted a training camp on Dentistry, specifically Jalandarband, at Sandipani Complex in Porbandar. As one of the oldest Ayurvedic universities globally, GAU manages all 32 Ayurveda colleges in Gujarat and is renowned for its high standards . The university's alumni hold esteemed positions, including cabinet secretary and director roles in national universities.

The dental training camp, Advitiya, provided hands-on experience for 16 representatives from 32 colleges, teaching them to remove rotten and loose teeth using Jalandhar Bandh, an ancient Ayurvedic method. This technique extracts teeth in seconds without anesthesia by blocking the trigeminal nerve . Organized by experts Dr. Sarojben Joshi, Dr. Harindra Dave, and Dr. Harshadbhai under the Shalakya department, the camp aimed to provide relief to patients unable to receive anesthesia, including those with diabetes, heart conditions, and blood pressure issues.

Vice Chancellor Dr. Mukul Patel explained the procedure, emphasizing the combination of Ayurveda and yoga. The patient sits on a nine-inch stool, and the dentist applies pressure to specific points, numbing the jaw and allowing easy tooth extraction . This treatment will be integrated into dental OPDs across Gujarat colleges, benefiting a large section of the population.

GAU plans to develop super specialty clinics in various branches at Jamnagar, further expanding its expertise in Ayurvedic treatments.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨૦૨૪-૨૫/ 1120 ઈ-મેઈલ તા.૦૫-૧૦-૨૦૨૪

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારી યાદીને વિના મુલ્યે પ્રકાશિત કરવા વિનંતી છે.

આભાર સહ,

આપની વિશ્વાસુ
05/10/24
(પી.પી.મહેતા)
ઓ.એસ.ડી.

1. સર્વે પ્રેસ પ્રતિનિધિઓ તરફ ........ ઈ મેઈલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલ બંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે )
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ ....... ઈ-મેઈલ દ્વારા(આપના વિભાગના નોટીસ બોર્ડમાં મુકવાની વિનંતી સાથે)
4. ઓ.એસ.ડી.શ્રી, કુલપતિશ્રી કાર્યાલય (યુનિ. વેબસાઈટ ઉપર પ્રસારિત કરવાની સુચના સાથે)